**Enrollment No:** ____________________ **Exam Seat No:**____________________

# C. U. SHAH UNIVERSITY

## Summer Examination-2022

**Subject Name : Accounting & Finance-VI**

**Subject Code : 4CO06AFI2** **Branch:B.Com (Gujarati)**

**Semester : 6** **Date : 11/05/2022** **Time : 02:30 To 05:30** **Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** ઈલેક્ટ્રીસિટી કંપનીનાં પાકા સરવૈયામાં જામીનગીરી પ્રીમિયમ......મથાળા હેઠળ દર્શાવવામાં આવે છે. 1

(A) શેરહોલ્ડરોનાં ભંડોળો (B) બિનચાલુ દેવાં

(C) ચાલુ દેવાં (D) શેરમૂડી

**b)** ગ્રાહકને આપવામાં આવેલ સર્વિસ-જોડાણની પડતર- 1

(A) મહેસૂલી ખર્ચ ગણાય (B) મૂડી ખર્ચ ગણાય

(C) સામાન્ય ખર્ચ ગણાય (D) મુલતવી રાખેલ ખર્ચ ગણાય

**c)** કયા શેરનું સ્ટૉકમાં રૂપાંતર કરી શકાય છે? 1

A) અંશત: ભરપાઈ શેરનું

(B) સંપૂર્ણ ભરપાઈ શેરનું

(C) અંશત: અથવા સંપૂર્ણ ભરપાઈ થયેલા કોઈ પણ શેરનું

(D) ઉપરનામાંથી એક પણ સાચું નથી

**d)** જ્યારે સતાવાર મૂડીમાં વધારો કરવામાં આવે ત્યારે……………… 1

(A)શેરમૂડી ખાતું ઉધારાય છે. (B)શેરમૂડી ખાતું જમા કરવામાં આવે છે.

(C)કોઇ નોંધ થતી નથી (D)બેન્ક ખાતું ઉધારાય છે.

**e)** માન્ય શેરબજાર પર નોંધાયેલ કંપનીઓએ કયા હિસાબી ધોરણ મુજબ શેરદીઠ કમાણી ગણવાનીઅને બતાવવાની રહે છે? 1

(A) હિસાબી ધોરણ -19 (B) હિસાબી ધોરણ- 21

(C) હિસાબી ધોરણ -22 (D) હિસાબી ધોરણ -20

**f)** સંભવિત ઈક્વિટી શેર ધ્યાનમાં લઈને_____ ની ગણતરી કરવામાં આવે છે 1

(A) શેરની બજારકિંમત (B) શેરની ઈસ્યુપાત્ર કિંમત

(C) શેરદીઠ મંદ કમાણી (D) મૂળભૂત શેરદીઠ કમાણી

**g)** કન્વર્ટિબલ ડિબેન્ચર ની મુદતના અંતે ઈક્વિટી શેર ઈશ્યુપાત્ર છે તેને______કહેવાય 1

(A) સંભવિત ઈક્વિટી શેર (B)બોનસ શેર (C)હકના શેર (D) પ્રેફરન્સ શેર

**h)** કઈ તારીખ થી હિસાબી ધોરણ 20 અમલમાં આવ્યું છે? 1

(A) ૧-૪-૧૯૯૯થી. (B)૧-૪-૨૦૦૦થી. (C)૧-૪-૨૦૦૧થી. (D)૧-૪-૨૦૦૨થી

**i)** નીચેનામાંથી કઇ કંપની પોતાના શેરની પરત ખરીદી (બાય-બેક) કરી શકતી નથી? 1

(A)પબ્લિક કંપની (B)ડિફોલ્ટ કંપની (C)ઉત્પાદન કંપની (D)નાણાંકીય કંપની

**j)** કંપની બૉનસ શેર નીચેનાં સાધનોમાંથી બહાર પાડી શકશે: 1

(A) મૂડી (B) અનામત મૂડી (C) મૂડી અનામત (D) ઉપરનામાંથી કોઇ પણ નહીં

**k)** સત્તા અને જવાબદારીના વ્યાપ ની દ્રષ્ટિએ કયા પ્રકારની શાખા પોતાના સ્વતંત્ર વાર્ષિક હિસાબો તૈયાર કરે છે 1

(A) વિદેશી શાખા (B) પરતંત્ર શાખા

(C) સ્વતંત્ર શાખા (D) બંને સ્વતંત્ર અને વિદેશી શાખા

**l)** શાખા ખાતું એ.......ખાતુ છે. 1

(A) વ્યક્તિગત ખાતું (B) માલમિલકત પ્રકાર નું ખાતું

(C) ઉપજ ખર્ચનુ ખાતું (D) એક પણ નહિ

**m)** કયા ખાતાનો ઉપયોગ ફક્ત પૂર્ણ ભરપાઇ બોનસ શેર આપવા માટે થશે? 1

(A)નફા નુક્શાન ખાતું (B)ડિબેન્ચર પરત ફંડ ખાતુ

(C)સામાન્ય અનામત ખાતું (D)મૂડી પરત અનામત ખાતું

**n)** સ્વતંત્ર શાખા માટે મુખ્ય ઓફિસ નું ખાતું- 1

(A) નફા નુકસાન ખાતા જેવું છે (B) મૂડી ખાતા જેવું છે.

(C) માલમિલકત ખાતા જેવું છે (D) ઉપજ ખર્ચ ખાતા જેવું છે

**Attempt any four questions from Q-2 to Q-8**

| | | | |
|---|---|---|---|
| **Q-2** | | **Attempt all questions** | **(14)** |
| | **(A)** | શાખા એટલે શું? શાખાના હિસાબો રાખવાના ઉદ્દેશો જણાવો | **7** |
| | **(B)** | બોનસ શેર એટલે શું? બોનસ શેર બહાર પાડવાની કાર્યવાહી સમજાવો | **7** |
| **Q-3** | | **Attempt all questions** | **(14)** |
| | **(A)** | ટૂંકનોંધ લખો – 1) સ્વેટ ઇક્વિટી શેર<br>2) સમગ્ર શેર વેચાણનો સોદો | **7** |
| | **(B)** | મંદ થયેલ શેરદીઠ કમાણી નક્કી કરવાની વિધિ સમજાવો | **7** |
| **Q-4** | | **Attempt all questions** | **(14)** |
| | **(A)** | પરતંત્ર શાખાના લક્ષણો જણાવો | **7** |
| | **(B)** | શેરમૂડીમાં ફેરફાર કરવાની રીતો જણાવો | **7** |
| **Q-5** | | | **(14)** |

માન ઈલેક્ટ્રિક સપ્લાય કંપનીની ના કંપનીધારાની જોગવાઈઓ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજનું પાકું સરવૈયું તૈયાર કરો :

| | રૂ |
|---|---|
| સત્તાવાર થાપણ | ૪,૫૦,૦૦૦ |
| ભરાયેલી થાપણ | ૩,૯૦,૦૦૦ |
| ૧૨%નાં ડિબેન્ચર | ૬૦,૦૦૦ |
| ધંધાના લેણદારો | ૨૪,૦૦૦ |
| અનામત ફંડ | ૨૨,૫૦૦ |
| ધંધાના દેવાદારો | ૫૭,૦૦૦ |
| રોકડ અને બેન્ક સિલક | ૫૧,૫૦૦ |
| અનામતનાં રોકાણ | ૨૨,૫૦૦ |
| સ્ટૉક | ૩૭,૦૦૦ |
| તા. ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધીના ખર્ચા : | |
| જમીન | ૧૮,૦૦૦ |
| મેઈન્સ અને ટ્રાન્સફોર્મર્સ | ૨,૦૨,૫૦૦ |
| યંત્રો | ૬૦,૦૦૦ |
| મકાનો | ૧૯,૫૦૦ |

તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧ ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ઉપરની છેલ્લી ત્રણ વિગતો અંગે અનુક્રમે રૂ. ૩૭,૫૦૦; રૂ. ૩૭,૫૦૦ અને રૂ.૧૫,૦૦૦ ખર્ચવામાં આવ્યા છે અને રૂ. ૩ ૭,૫૦૦ નવીનીકરણ ભંડોળ ઊભું કરવામાં આવ્યું હતું. તફાવતની રકમ ( Balancing figure રૂ. ૨૪,,૦૦૦ને કંપનીનો નફો ગણવાનો છે.

**Q-6** **Attempt all questions** **(14)**

**(A)** નીચે આપેલી માહિતી પરથી મૂળભૂત શેરદીઠ કમાણી અને મંદ થયેલ શેરદીઠ કમાણીની ગણતરી કરો **7**

| | |
|---|---|
| ચાલુ વર્ષ માટેનો ચોખ્ખો નફો | રૂ. ૮૩,૦૦,૦૦૦ |
| ઈક્વિટી શેરની બાકી સંખ્યા | ૨૦,૦૦,૦૦૦ |
| દરેક રૂ. ૧૦નો તેવા ૧૦%નાં કન્વર્ટિબલ ડિબેન્ચર | ૧,૦૦,૦૦૦ |
| (દરેક ડિબેન્ચર ૧૦ ઈક્વિટી શેરમાં રૂપાંતરપાત્ર છે.) | |
| વર્ષ દરમિયાન ડિબેન્ચર વ્યાજનો ખર્ચ | રૂ. ૧૦,૦૦,૦૦૦ |
| કરવેરાનો દર | ૩૦% |

**(B)** 'વાય' લિમિટેડની નીચે આપેલી માહિતી પરથી મૂળભૂત શેરદીઠ કમાણીની ગણતરી કરો: **7**

| વિગત | રૂ. (કરોડમાં) |
|---|---|
| ઘસારા બાદ અને પ્રેફરન્સ ડિવિડન્ડ પહેલાંનો નફો | ૭૫.૦૦ |
| ઘસારો | ૧૦.૦૦ |
| પ્રેફરન્સ શૈર ડિવિડન્ડ | ૩૨.૧૦ |
| કરવેરાની જોગવાઈ | ૧૦.૦૦ |

| | |
|---|---|
| વધારાના લાભ પર કરવેરા | ૫.૦૦ |
| ભરપાઈ થયેલ ઈક્વિટી શેરમૂડી | ૯૩.૦૦ |
| (દરેક રૂ. ૧૦નો પૂરો ભરપાઈ) | |

**Q-7** **(14)**

મિલનની સુરેંદ્રનગરમાં એક શાખા છે. સુરેંદ્રનગરને વેચાણ માટેની તમામ માલ પડતર વત્તા ૨૦% ચઢાવીને ભરતિયા કિમતે મુખ્ય ઑફિસેથી મોકલાય છે અને શાખાને મળેલી તમામ રોકડ સુરેંદ્રનગરની એક બૅન્કમાં ખોલાયેલ મુખ્ય ઑફિસના ખાતામાં રોજ ભરવામાં આવે છે.
નીચેની વિગતો પરથી મુખ્ય ઑફિસના ચોપડામાં તૈયાર કરો : (૧) શાખા ખાતું (૨) શાખાના દેવાદારોનું ખાતું (3) પેટા રોકડ ખાતું. 4) શાખાનું વેપાર અને નફા-નુકસાન ખાતું તૈયાર કરો.

| | તા.૧-૪-૨૦૦૯ | તા.૩૧-૩-૨૦૧૦ | |
|---|---|---|---|
| | રૂ. | રૂ. | |
| સ્ટૉક (ભ.કિ.) | ૯,૦૦૦ | ૭,૨૦૦ | |
| દેવાદારો | ૧૨,૦૦૦ | ૧૩,૫૦૦ | |
| પેટા રોકડ | ૧૨૦ | (?) | |
| ફર્નિચર | ૧૪,૦૦૦ | (?) | |
| શાખાને મોકલેલ માલ (ભ.કિ.) | | | ૨૭,૯૦૦ |
| મુખ્ય ઑફિસને પરત કરેલ માલ (ભ.કિ.) | | | ૧,૨૦૦ |
| શાખાએ લખી વાળેલી ઘાલખાધ | | | ૨૦૦ |
| રોકડ વેચાણ | | | ૨,૦૦૦ |
| ગ્રાહકોએ પરત કરેલ માલ | | | ૩૦૦ |
| શાખાના દેવાદારોને આપેલ વટાવ | | | ૫૦૦ |
| કુલ વેચાણ | | | ૪૫, ૫૦૦ |
| પરચૂરણ ખર્ચા | | | ૨૮૦ |
| પરચૂરણ ખર્ચ માટે શાખાને મોકલેલ રોકડ | | | ૩૬૦ |
| મુખ્ય ઑફિસેથી ચૂકવાયેલ શાખાના ખર્ચા: | | | |
| ભાડું અને વેરો | ૧,૬૦૦ | | |
| પગાર | ૨,૦૦૦ | | |
| સ્ટાફને બોનસ | ૬૦૦ | | |
| જકાત વગેરે | ૫૦૦ | ૪૭૦૦ | |

ફર્નિચર પર ૧૦% લેખે ઘસારો ગણો

**Q-8** **Attempt all questions** **(14)**

**(A)** આર્ય નીચેના વ્યવહારોની આમનોંધ લખો : **04**

(૧) રૂ. ૧૦૦નો એક એવા ઈક્વિટી શૅરની બનેલી રૂ. ૧૦,૦૦,૦૦૦ની કંપનીની ભરપાઈ થયેલી મૂડી છે. તેઓએ આ મૂડીનું રૂ. ૧૦ના એક એવા ઈક્વિટી અને રૂ. ૧૦નો એક એવા ૧૦ ટકાના પ્રેફરન્સ શૅરમાં ૨:૩ના પ્રમાણમાં વિભાગીકરણ કરવાનું નક્કી કર્યું.

(૨) કંપનીએ રૂ. ૧૦૦નો એક એવા પૂરા ભરપાઈ થયેલા ૨,૫૦૦ ઈક્વિટી શૅરના બદલામાં

નીચેની રીતે ઈક્વિટી સ્ટૉક આપવાનું નક્કી કર્યું :

(ક) દરેક શૅરના રૂ, ૯૭ લેખે. (ખ) દરેક શૅરના રૂ. ૧૦૭ લેખે.

**(B)** મયુર લિમિટેડનું તા.૩૧-૩-'૧૬ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું : ર. **10**

| **જવાબદારી** | **રૂ.** | **મિલકતો** | **રૂ.** |
|---|---|---|---|
| રૂ.૧૦૦નો એક એવા ૭,૦૦૦ ઈક્વિટી શેર | ૭,૦૦,૦૦૦ | કાયમી મિલકતો: | ૧૦,૦૦,૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૪૦,૦૦૦ | ચાલુ મિલકતો : | |
| અનામત ભંડોળ | ૨,૬૦,૦૦૦ | બેન્ક સિલક | ૩,૦૦,૦૦૦ |
| નફા-નુકસાન ખાતું | ૩,૦૦,૦૦૦ | સ્ટોક | ૭૦,૦૦૦ |
| લેણદારો | ૭૦,૦૦૦ | | |
| | ૧૩,૭૦,૦૦૦ | | ૧૩,૭૦,૦૦૦ |

કંપનીએ ૭ ઈક્વિટી શેરે ૪ ઈક્વિટી શેર બોનસ શેર તરીકે આપવાનું નક્કી કર્યું જે માટે શેર પ્રીમિયમની પૂરેપૂરી રકમ, અનામત ભંડોળમાંથી રૂ.૧,૬૦,૦૦૦ અને બાકીની રકમ નફા-નુકસાન ખાતામાંથી લેવાનું નક્કી કર્યું.

કંપનીના ચોપડે આમનોંધો લખી, પાકું સરવૈયું બનાવો.